## ૮.૬ ક્રિયા – વિધિ – અનુષ્ઠાનોમાં થતી વિરાધનાઓ અને ૮૪ આશાતનાઓ.

### શુદ્ધિ સાત પ્રકારની !

**૧) અંગ શુદ્ધિ :** માનવીય કાયા, મળમૂત્ર, પસીના, થૂંક, અને ધૂળ આદિથી સદા ખરડાતી રહે છે, માટે પૂર્વ જણાવેલ સ્નાનવિધિથી તેને શુદ્ધ કર્યા બાદ જ પરમાત્માનો સ્પર્શ કરવો તે અંગશુદ્ધિ છે. (જ્યારે શરીરમાં ગૂમડાં વગેરે થતાં હોય અને ત.માંથી સતત પરૂ –રસી વગેરે વહ્યાં કરતા હોય ત્યારે જિનપૂજા ન કરવી. ડ્રેસીંગ કર્યા બાદ જો શુદ્ધિ રહેતી હોય તો કરવામાં બાધ નથી.)

**૨) વસ્ત્ર શુદ્ધિ :** વસ્ત્ર અને વિચારને ગાઢ સંબંધ છે ; માટે જ કહેવાય છે જેવો વેશ તેવી વૃત્તિ. વિકારી વેશ વિકાર પેદા કરે છે, મલીન વેશ મનમાં પણ મલીનતા પેદા કરે છે. તેવી રીતે શુદ્ધ નિર્વિકાર વેશ પણ મનની શુદ્ધિ કરવામા કારણ બને છે. માટે પૂજાનાં વસ્ત્રો શાસ્ત્રોમાં જણાવ્યા મુજબના ઉજ્જલ અને શુદ્ધ વાપરવાં, વાપર્યા બાદ રોજ તેને ધોવાં જરૂરી છે.

**3) મન શુદ્ધિ :** પરમાત્માની પૂજા કરતાં મનને પણ શુદ્ધ રાખવું જોઈએ એટલે કે મનને મલીન કરનારા દુષ્ટ વિચારોનો સદંતર ત્યાગ કરવો. બધી જ સામગ્રી હોવા છતાં જો મન મલીન રહેશે તો બધું વ્યર્થ જશે.

**૪) ભૂમિ શુદ્ધિ :** જે ધરતી પર જિનાલયનું નિર્માણ કરવાનું હોય તે ભૂમિને પાતાલ સુધી શુદ્ધ કરી તેમાં પડેલાં કોલસાં, હાડકામાં, કલેવર વગેરે તત્ત્વોને દૂર કરવાં. તે પછી જ જિનમંદિર બાંધવું. ચૈત્યવંદનાદિ વિધિ કરતાં જિનમંદિરમાં કચરો વગેરે અશુદ્ધિ પડી હોય તેને દૂર કરવી.

**૫) ઉપકરણ શુદ્ધિ :** પરમાત્માની પૂજામાં ઉપયોગમાં આવતાં તમામ ઉપકરણો સોના, ચાંદી જેવી ઉત્તમ ધાતુમાંથી બનાવવાં તેમજ ઉપયોગમાં લેતાં પહેલાં તેને સારી રીતે સાફ કરવાં. અંગલૂછણાં વગેરે જાડા માદરપાટ વગેરેનાં ન વાપરતાં કોમળ – ઉત્તમ વસ્ત્રમાંથી બનાવેલાં વાપરવાં.

**૬) દ્રવ્ય શુદ્ધિ :** પરમાત્માની પૂજામાં વપરાતી સામગ્રી ખરીદવામાં તેમજ અભિષેક આદિની ઉછામણીમાં ન્યાય–નીતિપૂર્વક મેળવેલું ધન વાપરવું. તેમ કરવાથી ભાવોલ્લાસ વધુ જાગે છે અને અગણિત લાભ તે શુદ્ધ દ્રવ્યના ઉપયોગ દ્વારા મળે છે.

**૭) વિધિશુદ્ધિ :** પરમાત્મ પૂજાની તથા ચૈત્યવંદનની વિધિ શુદ્ધ રીતે કરવી. ક્યાંક પ્રમાદ, અવિધિ, આશાતના કે ઉપેક્ષા દોષોને પેંસવા દેવા નહિ.

### વિરાધનાઓ એટલે શું?

પરમ પવિત્ર (વૈજ્ઞાનિક નિયમોથી પણ ભરેલી) જૈન ધર્મની અનુષ્ઠાનક્રિયાઓ આપણે ઘણી કરીએ છીએ. ઘણી વખત કરીએ છીએ, ઘણાને કરતાં જોઈએ છીએ, છતાં તેનો આનંદ, મનની પ્રસન્નતા કર્મ નિર્જરા, કે અતિશય પુન્યબંધ જેવું થતું હોય કે કંઈક સવિશેષ કર્યાનો ભાવ હૃદયમાં જામતો નથી કે આવતો નથી, તેના કેટલાક મહત્ત્વના કારણોમાં ભૂલ આપણી જ છે. ગેર સમજ કે અજ્ઞાનતા આપણી જ હોય છે. પરંતુ આરાધક આત્મા માટે તે બધુ મોટી વાત નથી. માત્ર થોડી વધુ સજાગતા, થોડુંક વધુ ધ્યાન આપવાની જરૂર છે. તથા જે માણતા – અજાણતા આશાતનાઓ – વિરાધનાઓ થાય છે. તેને દૂર કરવા નીચેની ટીપ્સો આપી છે. તે એકવાર પણ વિચારી જાત સાથે નીરીક્ષણ કરી તેને યથાયોગ્ય કરશો.

## દેરાસરની આશાતનાઓ

√ દેરાસરના કંપાઉન્ડમાં પ્રવેશ કરનારે પગ ધોયા બાદ જ અંદર પ્રવેશ કરવો.

√ પ્રભુજીના દર્શન કરનારે ખાસ ભગવાનની જમણી બાજુ અને આપણી ડાબી બાજુ ઉભા રહીને જ તથા સ્ત્રીઓએ ડાબી બાજુ અને આપણી જમણી બાજુ ઉભા રહીને જ દર્શન કરવાં પરંતુ વચ્ચે ઉભા રહીને દર્શન ન કરવાં, મંદિર ખાલી હોય તો પણ સ્થાનમાં ઉભા રહીને દર્શન કરવા.

√ મોટે મોટેથી સ્તુતિ- સ્તવન કે ભાવનાગીતો બોલી અન્યને અંતરાયરૂપ ન થવું (સમૂહમાં સાથે બોલી શકાય)

√ ૧૪ વર્ષથી ૮૫ વર્ષ સુધીના સર્વ બહેનોએ અવશ્ય માથે ઓઢીને જ મંદિરમાં દર્શન – પૂજા કરવી જોઈએ. વેશ–મર્યાદા એ યોગ્ય જીવનની નિશાની છે. ડ્રેસ પહેરીને આવનારે અવશ્ય માથુ ઓઢવું જ જોઈએ. ગાઉન પહેરીને જવાય નહિં. અને પુરુષોએ ઓફિસ કે દુકાને જતી વખતે જે ડ્રેસ પહેરે તે પહેરીને દર્શન કરાય.

√ પ્રભુ પૂજાનો અષ્ટપ્રકારી ક્રમ સાચવવો જોઈએ. આગળ–પાછળ ઝટ–ઝટ ક્રિયા પતાવવી નહિ. જેટલી શાંતિથી ભાવથી પૂજા થાય તેની જ પૂજા પૂજા ગણાય અને ભાવ પૂજા રૂપ ચૈત્યવંદનાદિ કર્યા પછી ક્યારેય દ્રવ્યપૂજા ન થાય.

√ જિનમંદિરમાં ક્રમશઃ પૂજા આ રીતે છે. જિનેશ્વર ભગવાન, (સિદ્ધચક્રજી) ગૌતમસ્વામી પ્રમુખ ગણધરો વીશસ્થાનકયંત્રાદિ, માણીભદ્રજી અને અન્ય દેવ – દેવીઓ પછી હાથ ધોઈ નાંખવા.

√ લાઈનસર જે જે આવ્યાં તે બધાને પૂજા કરી લેવી તેવું ન કરવું અને દેવ – દેવીઓનું ચંદન શક્ય હોય તો જુદી વાટકીમાં લેવું દેવ–દેવીઓના ચંદનથી જિનેશ્વરની કે જિનેશ્વરના ચંદનથી દેવ–દેવીઓને પૂજા કરી શકાય નહી.

√ વાટકી થાળી જ્યાંથી લીધી હોય અથવા જ્યાં ભેગી કરવાની જગ્યા બતાવી હોય ત્યાંજ મુકવી ગમે ત્યાં ઠીક લાગે ત્યાં ન મુકવી.

√ પૂજા કરતી વખતે આંગળીના નખમાં ચંદન ન ભરાય તેવી રીતે આંગળી બોળી પૂજા કરવી આંખી આંગળીઓ બોળી પૂજા ન કરાય. છતાં ચંદન ભરાય રહે તો નખમાંથી ચંદન નીકળી જાય તેમ હાથ ધોવા.

√ દેરાસરમાં ક્યારેય કરતાં ક્યારેય શાસનના સમાચારની કે ગુરુ ભગવંતના સમાચારની વાતો પણ કશું જ ન કરાય. (સંસારને તો યાદ પણ ન કરાય) સંપૂર્ણ મૌન કે જરૂર પડે દેરાસરસંબંધી ઓછું બોલીને શાંતિ અને ભાવ જાળવી રાખવાના હોય છે.

√ મોબાઈલ ટોન બંધ કરીને જ અંદર જવાય, ખાવાની કે દવા લઈને આવ્યાં હોય તે અંદર ન લઈ જવાય.

√ પ્રભુજીના દર્શન – વંદન – પૂજા – કરવા જતી વખતે દૂધ–શાકભાજી–ફ્રુટ કે નાસ્તો પણ ભેગાં લઈઆવવાના કામો પતાવાય નહીં તથા અંદર જઈને માત્ર પ્રભુ દર્શનમાં જ આંખ સ્થિર રાખવી બીજું ન જોવાય.

jainuniversity.org

√ ચૈત્યવંદનમાં આધુનિક ભાવનાગીતો કે પીક્ચરના રાગ ઉપરના ગીતો સ્તવન તરીકે ગવાય જ નહિં. ન આવડે તો ઉવસગ્ગહરં સ્તોત્ર બોલી શકાય. પ્રાચીન સ્તવનો જ ચૈત્યવંદનમાં બોલાય.

√ જોર-જોરથી (વારંવાર) દેરાસરમાં ઘંટ પણ સામૂહિક ખાસ ક્રિયા વિના વગાડવો નહિં બીજાને ધ્યાન ભંગ થાય અને ભાવધારા તૂટે તેનું પાપ લાગે.

√ શ્રી સંઘના વિવાદ કે વિખવાદો ને ભૂલે ચૂકે ક્યારેય દેરાસરમાં અંદર બોલશો નહિં કે વાત-ચીત કરશો નહિં તથન પ્રભુપૂજા કરતી વખતે નવઅંગના દુહા ન આવડે તો નવકારમંત્ર સિવાય બીજાને સંભળાય નહિં તે રીતે ભાવથી બોલશો પણ બીજી કોઈ સ્તુતિ - સ્તવનો - ગીતો - બોલાય જ નહિં.

√ તે સિવાય સ્વયં પોતે રાજદરબારે કે વડાપ્રધાનની ઓફિસમાં જઈએ તો કેવી શિસ્ત-અદબ-માન-મર્યાદા જાળવીએ જાળવવી પડે તે રીતે યોગ્ય પણે પોતાના વિચારો - વાણી-વર્તન- વ્યવહાર કરવાં જેથી નુકશાન કરતાં લાભ વધુ થાય.

## ઉપાશ્રયની આશાતનાઓ

સંસારમાં બાંધેલા કર્મો જિનાલય ઉપાશ્રય કે તીર્થમાં જઈને છૂટતાં હોય છે. ત્યાં જઈ ફરીનવા કર્મો બંધાય નહિ તેની સવિશેષ કાળજી આરાધક આત્મા લેતાં હોય છે. અને તેવા આરાધક આત્મા ક્રમશ: વિધિની શુદ્ધિ અને ભાવની વિશુદ્ધિ દ્વારા આત્માની સિદ્ધિ પ્રાપ્ત કરતા હોય છે.

**ઉપાશ્રયમાં આશાતના ના થાય તે માટે નીચેની તકેદારી રાખવી.**

સામાયિક લેવા - પારવાની ક્રિયા ઉભા-ઉભા જ કરવાની હોય છે બિલકુલ ઉભા ન થઈ શકે તેવા વૃદ્ધ-ઘરડા માણસોએ પણ શક્ય હોય તો માત્ર 'કરેમિ ભંતે'ઉભા-ઉભા ઉચ્ચરવું જોઈએ. બીજા બધાએ ક્રિયા શુદ્ધિ પૂર્વક સામાયિક કરવી જોઈએ.

સામાયિક માત્ર સૂત્રો - સ્તવનાદિકનો સ્વાધ્યાય - કાઉસગ્ગ, મંત્રજાપ, ધ્યાન, નવકારવાળી વગેરે કરી શકાય ધાર્મિક પુસ્તકવાંચન પણ કરી શકાય . સંસારભવને વધારે તેવી એક પણ વાંચન-લેખન કે પત્ર લખવા વગેરે પ્રવૃતિ કરી શકાય નહી.

ઘડીયાળ-દાગીના વગેરે પહેરીને કરાય નહિં. તેમજ પ્રભાવના કે સંઘ વ્યવસ્થાના એક પણ પૈસાને અડી શકાય નહિં કે બેંકની કે સંઘની વહીવટી વ્યવસ્થાઓ કરી શકાય નહીં.

પંખા નીચે બેસાય નહીં. પવાનવાળા બારી-બારણામાં જ બેસવાનો આગ્રહ રાખી કલેશાદિ કરાય નહિં.

ઉજેહી પડે કે ખુલ્લા આકાશમાં બેસીને સામાયિક ન થાય. બત્રીસ દોષો સામાયિક ના જણાવ્યાં છે તે એકવાર ખાસ વાંચી - વિચારી શુદ્ધ સામાયિક કરવાનો ભાવ વધારવો જોઈએ.

કામળીકાળ ચાલતો હોય ત્યારે ખુલ્લા આકાશમાં માથુ પણ બહાર કામળી ઓઢ્યાં વિના કાઢી શકાય નહિં. માથે કટાસણું ઓઢીને બિલકુલ જવા યોગ્ય નથી. અને માત્રુ (બાથરૂમ) લાગી હોય, પ્રતિક્રમણ ચાલુ હોય તો શુદ્ધ કપડાં બદલાવી, સારી રીતે માથે ઓઢી બાથરૂમમાં ન જતાં કુંડીમાં માત્રુ કરી ખુલ્લી માત્રાની જગ્યામાં માત્રુ પરઠવવું.

સામાયિક કે પ્રતિક્રમણમાં બેટરિ ચાલુ કરવાથી, પંખા નીચે બેસવાથી, ઈલેકટ્રીસીટીનો ઉપયોગ કરવાથી કે કરાવવાથી હાથેથી હાથ પંખો નાંખવાથી કે સીસકારાં, અવાજ વગેરે કરવાથી, પુન્યબંધ કરતાં

પાપબંધ વધુ થાય એવું બને તેથી પોતાના આત્માને અશુદ્ધિ – અવિધિ અને આશાતનાથી દૂર રાખવો.

ક્યારેક જ સામાયિક કે પ્રતિક્રમણ કરનારા ધાવુકો શાંતિ અને શુદ્ધિનો ભાવ રાખે તો ઘણું બધું પામી જતાં હોય એવું પણ બને તેથી ઉત્તર વિચારો – ઉત્તમ ભાવો અને મૌન પૂર્વક સમ્યગ્ ક્રિયા કરવી.

ધર્મ સ્થાનમાં, ધંધાની ઘરવ્યવહારની શેર બજારની કે સંસારની એક પણ પ્રવૃત્તિ – વાતચીત કે વ્યવહાર કરવાથી જીવને ઘણું નુકશાન થતું હોય છે. તેથી પાવનતીર્થ, દેરાસર, ઉપાશ્રય કે જ્ઞાનભંડાર જેવા ધર્મ સ્થાનોમાં સંસારી કર્મ ન થાય તેની ખાસ કાળજી રાખવી.

એઠાં મોઢે, ગુટખા–મસાલાને મોઢામાં રાખી ઉપાશ્રયમાં જવાય નહિં. પાણી પીને અંદર પ્રવેશ કરવો જોઈએ.

બહેનોએ વસ્ત્રની મર્યાદા જાળવીને ઉપાશ્રયમાં જવું જોઈએ અને શક્ય પ્રયત્ને માથું ઓઢવું.

ગુરુ ભગવંતને વંદન કરવાની વિધિ – સૂત્રો શીખવા જરુરી છે ન આવડે તો બે ખમાસમણા લઈ – મત્થએણ વંદામિ બોલવા પૂર્વક આદર બતાવી યોગ્ય કરવું.

આ રીતે જૈન શાસનમાં કુલ ૮૪ આશાતનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે નીચે જણાવ્યા પ્રમાણે છે;

## જિનમંદિરની જઘન્ય દશ આશાતનાઓ :

**તંબોલ પાન ભોયણ, વાણહ મેહુન્ન સુઅણ નિટ્ઠવાણં મુતુચ્ચારં જુઅં, વજ્જે જિણનાહ જગઈએ**

**૧.** તંબોલ (ગુટકા) ખાવું, **૨.** પાણી પીવું, **૩.** ભોજન કરવું, **૪.** પગરખાં પહેરવાં, **૫.** સ્ત્રી સેવન કરવું, **૬.** થૂંકવુ, **૭.** શ્લેષ્મ ફેંકવું, **૮.** પેશાબ કરવો, **૯.** ઝાડો કરવો, **૧૦.** જુગાર ખેલવો.

jainuniversity.org

## ઉત્કૃષ્ટ ૮૪ આશાતનાઓ.

દેરાસર/ તીર્થ કે ઉપાશ્રય કે અન્ય ધાર્મિક સ્થળોએ;

**૧.** નાકનું લેંટ નાખે,
**૨.** જુગાર, ગંજીફો,શેતરંજ, ચોપાટ વગેરે રમતો રમે.
**૩.** લડાઈ–ઝઘડો કરે,
**૪.** ધનુષ્ય વગેરેની કળા શીખે,
**૫.** કોગળા કરે,
**૬.** તંબોલ (ગુટકા), પાન, સોપારી વગેરે ખાય,
**૭.** પાનના ડૂચા, દેરાસરમાં થૂંકે,
**૮.** ગાળ આપે
**૯.** ઝાડો, પેશાબ, કરે,
**૧૦.** હાથ, પગ, શરીર, મોઢું વગેરે ધૂવે,
**૧૧.** વાળ ઓળે,
**૧૨.** નખ ઉતારે.
**૧૩.** લોહી પાડે,
**૧૪.** સુખડી વગેરે ખાય,
**૧૫.** ગુમડા વગેરેની ચામડી ઉતારી નાંખે,
**૧૬.** પિત્ત નાંખે,
**૧૭.** ઉલ્ટી કરે,
**૧૮.** દાંત પડે તે દેરાસરમાં નાંખે,
**૧૯.** આરામ કરે,
**૨૦.** ગાય, ભેંસ, ઊંટ, બકરા વગેરેનું દમન કરે,
**(૨૧ થી ૨૮.)** દાંત–આંખ–નખ–ગાલ–નાક–કાન–માથાનો તથા શરીરનો મેલ નાખે,
**૨૯.** ભૂત–પ્રેત કાઢવા મંત્ર સાધના કરે,
**30.** વાદ–વિવાદ કરે,
**૩૧.** પોતાના ઘર–વેપારના નામાં લખે,
**૩૨.** કર અથવા ભાગની વહેંચણી કરે,